જા. નં. ૩૬ /EC/RO/GV/2025-26

# ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ

## Executive Council (કાર્યવાહક સમિતિ) 2/2025-26 તા. 30-06-2025

ગૂજરાત વિદ્યાપીઠની કાર્યવાહક સમિતિ (Executive Council)ની વર્ષ 2025-26ની દ્વિતીય બેઠક તા. 30-06-2025 ને સોમવારના રોજ સાંજે 05-00 વાગ્યે સમિતિકક્ષ, મુખ્ય કાર્યાલય, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ખાતે આદરણીય કુલપતિશ્રીના અધ્યક્ષસ્થાને મળી હતી. તેમાં નીચેના સભ્યશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

| | | |
|---|---|---|
| 1. | ડૉ. હર્ષદ એ. પટેલ | અધ્યક્ષશ્રી અને કુલપતિશ્રી, ગૂજરાત વિદ્યાપીઠ |
| 2. | ડૉ. નીતિનભાઈ પેથાણી | કેન્દ્ર સરકાર દ્વારા નિયુક્ત પ્રતિનિધિ |
| 3. | શ્રી દિલીપભાઈ ઠાકર | સભ્ય (ટ્રસ્ટીશ્રી, ગૂજરાત વિદ્યાપીઠ મંડળ) |
| 4. | શ્રી વિશાલભાઈ ભાદાણી | સભ્ય (ટ્રસ્ટીશ્રી, ગૂજરાત વિદ્યાપીઠ મંડળ) (ઑનલાઈન) |
| 5. | ડૉ. અજયભાઈ પરીખ | સભ્ય (ડીનશ્રી, કમ્પ્યૂટર વિદ્યાશાખા) |
| 6. | પ્રો. સંજય મકવાણા | સભ્ય (ડીનશ્રી, ભાષા અને સાહિત્ય વિદ્યાશાખા) |
| 7. | પ્રો. જગદીશ સાવલિયા | સભ્ય (પ્રાધ્યાપકશ્રી, શારીરિક શિક્ષણ વિદ્યાશાખા) |
| 8. | પ્રો. જેનામાંબીબી કાદરી | સભ્ય (સહ-પ્રાધ્યાપકશ્રી,ઈતિહાસ વિભાગ) |
| 9. | ડૉ. દિવ્યેશભાઈ ભટ્ટ | સભ્ય (મદદનીશ પ્રાધ્યાપકશ્રી, અંગ્રેજી વિભાગ) |
| 10. | ડો. હિમાંશુ પટેલ | સભ્ય સચિવ (કુલસચિવશ્રી, ગૂજરાત વિદ્યાપીઠ) |

પ્રા. કનુભાઈ નાયક, સભ્ય અને ટ્રસ્ટીશ્રી માન. અધ્યક્ષશ્રીની જાણમાં હાજર રહેલ નથી.

બેઠકમાં નીચે મુજબની કાર્યવાહી હાથ ધરવામાં આવી.

**કાર્ય ૦૧** તા. 18-03-2025 અને તા. 08-05-2025ના રોજ મળેલ બેઠકના અહેવાલને બહાલી આપવા તથા અમલવારી નોંધને બહાલી આપવા અંગે.**(પરિશિષ્ટ-1)**

**ઠરાવ ૦૧** તા. 18-03-2025 અને તા. 08-05-2025ના રોજ મળેલ બેઠકના અહેવાલને તથા અમલવારી નોંધને બહાલી આપવાનું ઠરાવવામાં આવ્યું.

**વિદ્યાકીય શાખા (Academic Branch)**

**કાર્ય ૦૨** ગૂજરાત વિદ્યાપીઠ નિયમ અનુસાર વિવિધ વિદ્યાશાખાના ડીન અને શૈક્ષણિક વિભાગોના વડાની નિમણૂકની જાણ સારુ. **(પરિશિષ્ટ-2)**

**ઠરાવ ૦૨** ગૂજરાત વિદ્યાપીઠ નિયમ અનુસાર વિવિધ વિદ્યાશાખાના ડીન અને શૈક્ષણિક વિભાગોના વડાની નિમણૂકની નોંધ લેવામાં આવી.

**કાર્ય ૦૩** ગૂજરાત વિદ્યાપીઠ નિયમ-૨૦૨૪ને વિવિધ સુધારા સાથે મંજૂર કરવા બાબત.**(પરિશિષ્ટ-3)**

**ઠરાવ ૦૩** સદર બાબતે પુખ્ત ચર્ચાવિચારણાને અંતે ગૂજરાત વિદ્યાપીઠ નિયમ-૨૦૨૪ને વિવિધ સુધારા સાથે મંજૂર કરવામાં આવ્યા.

**કાર્ય ૦૪** શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬નુ એકેડેમિક કેલેન્ડર મંજૂર કરવા બાબત. **(પરિશિષ્ટ-4)**

**ઠરાવ ૦૪** શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬નુ એકેડેમિક કેલેન્ડર મંજૂર કરવામાં આવ્યું.

**કાર્ય ૦૫** ગૂજરાત વિદ્યાપીઠ અને શિક્ષા મંત્રાલય, ભારત સરકાર સાથેના MoA થી અવગત થવા બાબત.

**ઠરાવ ૦૫** સદર બાબતે મંડળમાં નિર્ણય બાકી હોઈ આ કાર્ય હાલ પડતુ મુકવામાં આવ્યું.

**કાર્ય ૦૬** ગૂજરાત વિદ્યાપીઠ, શિક્ષણ મંત્રાલય, ભારત સરકાર (MoE) અને વિશ્વ અનુદાન આયોગ (UGC) વચ્ચેના વર્ષ 2024-25ના TRI-PARTITE MOU અનુસાર માર્ચ-૨૦૨૫ (ત્રિમાસિક) અને સપ્ટેમ્બર-૨૦૨૪ (અર્ધવાર્ષિક)ની લક્ષ્યાંક-સિદ્ધિ (Target achieved)નો અહેવાલની બહાલી આપવા બાબત.**(પરિશિષ્ટ-5)**

**ઠરાવ ૦૬** ગૂજરાત વિદ્યાપીઠ, શિક્ષણ મંત્રાલય, ભારત સરકાર (MoE) અને વિશ્વ અનુદાન આયોગ (UGC) વચ્ચેના વર્ષ 2024-25ના TRI-PARTITE MOU અનુસાર માર્ચ-૨૦૨૫ (ત્રિમાસિક) અને સપ્ટેમ્બર-૨૦૨૪ (અર્ધવાર્ષિક)ની લક્ષ્યાંક-સિદ્ધિ (Target achieved)ના અહેવાલની નોંધ લીધી અને સદર કાર્યને બહાલી આપવામાં આવી.

**કાર્ય ૦૭** ગૂજરાત વિદ્યાપીઠના અભ્યાસક્રમ સંરચના ૨૦૨૫ (Curriculum Framework-2025)ના અમલીકરણ કરવા બાબત. **(પરિશિષ્ટ-6)**

**ઠરાવ ૦૭** ગૂજરાત વિદ્યાપીઠના અભ્યાસક્રમ સંરચના ૨૦૨૫ (Curriculum Framework-2025)ના અમલીકરણ કરવાની મંજૂર આપવામાં આવી.

**કાર્ય ૦૮** વિદ્યાકીય શાખા દ્વારા આયોજિત તા.૧૯ થી ૨૧ જૂન દરમિયાન યોજાયેલ અભ્યાસક્રમ સંરચના કાર્યશાળાથી માહિતગાર થવા બાબત.

**ઠરાવ ૦૮** વિદ્યાકીય શાખા દ્વારા આયોજિત તા.૧૯ થી ૨૧ જૂન દરમિયાન યોજાયેલ અભ્યાસક્રમ સંરચના કાર્યશાળાની તા.૩૦.૦૬.૨૫ ના રોજ મળેલી વિદ્યાસભાએ કાર્ય ૭ થી ચર્ચા કરી અને સરાહનીય નોંધ લીધી જેની નોંધ લેવામાં આવી. આ સભાએ સદર કાર્યની નોંધ લીધી.

**કાર્ય ૦૯** વર્ષ 2025-26મા ગૂજરાત વિનય મંદિરના ઉત્તર બુનિયાદી પ્રવાહને બદલે રાષ્ટ્રીય-શિક્ષણનીતિ-૨૦૨૦ના અમલીકરણ સંદર્ભે સામાન્ય-શાળા તરીકે તબદીલ કરવા બાબત.

**ઠરાવ ૦૯** વર્ષ 2025-26મા ગૂજરાત વિનય મંદિરના ઉત્તર બુનિયાદી પ્રવાહને બદલે રાષ્ટ્રીય-શિક્ષણનીતિ-૨૦૨૦ના અમલીકરણ સંદર્ભે સામાન્ય-શાળા તરીકે તબદીલ કરવાના કાર્યને મંજૂર કરવામાં આવ્યું.

**કાર્ય ૧૦** શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬માં થયેલ પ્રવેશ કાર્યવાહી તથા UG, PG અને Ph.D. માં થયેલ વિદ્યાર્થી-પ્રવેશ અને છાત્રાલય-પ્રવેશ જાણમાં લેવા સારુ જેમાં UGCના પત્ર ક્રમાંક F.No.4-1/2025(DU) Date 17-06-2025 અનુસાર વિદ્યાર્થીઓની યાદીમાં Gender, Caste, Social, Ethnic,Rural-Urban, National and Class Background સમાવેશ કરેલ છે.**(પરિશિષ્ટ-7)**

**ઠરાવ ૧૦** શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬માં થયેલ પ્રવેશ કાર્યવાહી તથા UG, PG અને Ph.D. માં થયેલ વિદ્યાર્થી-પ્રવેશ અને છાત્રાલય-પ્રવેશની નોંધ લેવામાં આવી અને વધુમાં ખાલી બેઠકો પર ઇચ્છુક

વિદ્યાર્થીઓ માટે પ્રવેશ કાર્યવાહી ચાલુ રાખવાનું ઠરાવવાની બાબતને મંજૂર કરવામાં આવ્યું. UGCના પત્ર ક્રમાંક F.No.4-1/2025(DU) Date 17-06-2025 અનુસાર વિદ્યાર્થીઓની યાદી બાબતે નોંધ લીધી.

**કાર્ય ૧૧** શૈક્ષણિક વર્ષ ૨૦૨૫માં કુશલ(કુલાધિપતિ શિષ્ય અભ્યાસ લબ્ધિ)યોજના અને ગાંધીવિચાર વિસ્તારક ફેલોશીપના અમલીકરણ બાબત. **(પરિશિષ્ટ-8)**

**ઠરાવ ૧૧** શૈક્ષણિક વર્ષ ૨૦૨૫માં કુશલ(કુલાધિપતિ શિષ્ય અભ્યાસ લબ્ધિ)યોજના અને ગાંધીવિચાર વિસ્તારક ફેલોશીપનું અમલીકરણ કરવાનું ઠરાવવામાં આવ્યું.

**કાર્ય ૧૨** યુ.જી.સી.ની જોગવાઈઓ અનુસારની-
(1)IQAC (આંતરિક ગુણવત્તા બાંહેધરી સમિતિ)
(2)વિદ્યાર્થી ફરિયાદ નિવારણ સમિતિ (Student Grievance Redressal Committee)
(3)એન્ટી રેગિંગ મોનિટરિંગ સેલ (Anti-Ragging Monitoring Cell) સમિતિઓની પુનરર્ચના અંગે.**(પરિશિષ્ટ-9)**

**ઠરાવ ૧૨** યુ.જી.સી.ની જોગવાઈઓ અનુસારની-
(1) IQAC (આંતરિક ગુણવત્તા બાંહેધરી સમિતિ)
(2) વિદ્યાર્થી ફરિયાદ નિવારણ સમિતિ (Student Grievance Redressal Committee)
(3) એન્ટી રેગિંગ મોનિટરિંગ સેલ (Anti-Ragging Monitoring Cell) સમિતિઓની પુનરર્ચના બાબતે નોંધ લીધી.

**કાર્ય ૧૩** તા. 23 થી 28 જૂન 2025 દરમ્યાન IUCTE,વારાણસી અને ગૂજરાત વિદ્યાપીઠના સંયુક્ત ઉપક્રમે 'Professional Development Program on Revolutionizing MOOC Creation with Artificial Intelligence' (Offline Mode) વિષય પર યોજાયેલ વ્યાવસાયિક વિકાસ કાર્યક્રમની જાણ અંગે.

**ઠરાવ ૧૩** તા. 23 થી 28 જૂન 2025 દરમ્યાન IUCTE,વારાણસી અને ગૂજરાત વિદ્યાપીઠના સંયુક્ત ઉપક્રમે 'Professional Development Program on Revolutionizing MOOC Creation with Artificial Intelligence' (Offline Mode) વિષય પર યોજાયેલ વ્યાવસાયિક વિકાસ કાર્યક્રમમાં **૪૨** સહભાગીઓએ ભાગ લીધો અને કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયો બાબતે નોંધ લીધી.

**કાર્ય ૧૪** IUCTE, વારાણસી દ્વારા પી.એચ.ડી અભ્યાસક્રમ માટે ગૂજરાત વિદ્યાપીઠના "ઓટોનોમસ એક્ષટર્નલ રીસર્ચ સેન્ટર" તરીકે માન્યતા માટેની દરખાસ્ત પર નિર્ણય કરવા બાબત.**(પરિશિષ્ટ-10)**

**ઠરાવ ૧૪** IUCTE,વારાણસી દ્વારા પી.એચ.ડી અભ્યાસક્રમ માટે ગૂજરાત વિદ્યાપીઠના "ઓટોનોમસ એક્ષટર્નલ રીસર્ચ સેન્ટર" તરીકે માન્યતા દરખાસ્તને આગળની કાર્યવાહી માટે UGC ને મોકલવા બાબતે ઠરાવ કરવામાં આવ્યો.

**કાર્ય ૧૫** ગૂજરાત વિદ્યાપીઠના વર્ષ ૨૦૨૪-૨૫ના વાર્ષિક અહેવાલને બહાલી આપવા અંગે.

**ઠરાવ ૧૫** ગૂજરાત વિદ્યાપીઠના વર્ષ ૨૦૨૪-૨૫ના વાર્ષિક અહેવાલને બહાલી આપવામાં આવે છે.

**મહેકમ શાખા (Establishment Branch)**

**કાર્ય ૧૬** ગૂજરાત વિદ્યાપીઠના કુલસચિવશ્રીના પાંચવર્ષીય મુદતી હોદ્દા પર પ્રતિનિયુક્તિથી ડૉ. હિમાંશુ પટેલ (પ્રાધ્યાપક, ડૉ. એસ. એન્ડ એસ. એસ. ગાંધી સરકારી ઈજનેરી કૉલેજ, સુરત) તા. 25-03-2025થી ફરજ પર હાજર થયા છે તેની જાણ સારુ.

**ઠરાવ ૧૬** ગૂજરાત વિદ્યાપીઠના કુલસચિવશ્રીના પાંચવર્ષીય મુદતી હોદ્દા પર પ્રતિનિયુક્તિથી ડૉ. હિમાંશુ પટેલ (પ્રાધ્યાપક, ડૉ. એસ. એન્ડ એસ. એસ. ગાંધી સરકારી ઈજનેરી કૉલેજ, સુરત) તા. 25-03-2025થી ફરજ પર હાજર થયા તેની નોંધ લેવામાં આવી.

**કાર્ય ૧૭** ગૂજરાત વિદ્યાપીઠના નાણાંઅધિકારીશ્રીના પાંચવર્ષીય મુદતી હોદ્દા પર પ્રતિનિયુક્તિથી શ્રી અમીતભાઈ જાની (નાયબ કુલસચિવ, એમ.એસ. યુનિવર્સિટી, વડોદરા) તા. 16-05- 2025થી ફરજ પર હાજર થયા છે તેની જાણ સારુ.

**ઠરાવ ૧૭** ગૂજરાત વિદ્યાપીઠના નાણાંઅધિકારીશ્રીના પાંચવર્ષીય મુદતી હોદ્દા પર પ્રતિનિયુક્તિથી શ્રી અમીતભાઈ જાની (નાયબ કુલસચિવ, એમ.એસ. યુનિવર્સિટી, વડોદરા) તા. 16-05- 2025થી ફરજ પર હાજર થયા તેની નોંધ લેવામાં આવી.

**કાર્ય ૧૮** શ્રી કમલેશકુમાર મણીલાલ કાપડીયા (પ્રોફેશનલ આસીસ્ટન્ટ, ગ્રંથાલય શાખા, ગૂજરાત વિદ્યાપીઠ) તા.31.07.2025ને કાર્યાલય સમય બાદ સેવામાંથી વયનિવૃત થતાં UGCનાં તા.20.08.1986નાં પત્ર ક્રમાંક F.73-4/85(NP-II), CCS (Commutation of Pension) Rules,CCS (Pension) Rules 2021, CCS (Leave) Rules as amended from time to time અન્વયે સેવા નિવૃત્તિના લાભોની અંદાજિત
(1) કોમ્યુટેશનની રકમ રૂ.17,44,339/-,
(2) ગ્રેજ્યુઇટીની રકમ રૂ.21,31,018/-
(3) રજાનું રોકડમાં રૂપાંતર રૂ.13,74,850/- આમ વયનિવૃત થયા પછી અંદાજિત કુલ રકમ રૂ. 52,50,207/- ચૂકવવા તથા
(4) તા.01.08.2025થી પેન્શન પ્રતિમાસ રૂ.26,610/- ભથ્થાઓ તથા
(5) તેમના પી.એફ. ચૂકવવા મંજૂરી આપવા બાબત. **(પરિશિષ્ટ-11)**

**ઠરાવ ૧૮** શ્રી કમલેશકુમાર મણીલાલ કાપડીયા (પ્રોફેશનલ આસીસ્ટન્ટ, ગ્રંથાલય શાખા, ગૂજરાત વિદ્યાપીઠ) તા.31.07.2025ને કાર્યાલય સમય બાદ સેવામાંથી વયનિવૃત થતાં UGCનાં તા.20.08.1986નાં પત્ર ક્રમાંક F.73-4/85(NP-II), CCS (Commutation of Pension) Rules,CCS (Pension) Rules 2021, CCS (Leave) Rules as amended from time to time અન્વયે સેવા નિવૃત્તિના લાભોની અંદાજિત
(1) કોમ્યુટેશનની રકમ રૂ.17,44,339/-,
(2) ગ્રેજ્યુઇટીની રકમ રૂ.21,31,018/-
(3) રજાનું રોકડમાં રૂપાંતર રૂ.13,74,850/- આમ વયનિવૃત થયા પછી અંદાજિત કુલ રકમ રૂ. 52,50,207/- ચૂકવવા તથા
(4) તા.01.08.2025થી પેન્શન પ્રતિમાસ રૂ.26,610/- ભથ્થાઓ તથા
(5) તેમના નિયમાનુસાર પી.એફ. ચૂકવવાનું મંજુર રાખ્યું.

**કાર્ય ૧૯** ડૉ. દીપુબા બાલાજી દેવડા (પ્રાધ્યાપક, શિક્ષણ વિભાગ, શિક્ષણ વિદ્યાશાખા, ગૂજરાત વિદ્યાપીઠ) તા.31.10.2025ને કાર્યાલય સમય બાદ સેવામાંથી વયનિવૃત્ત થતાં UGCનાં તા.20.08.1986નાં પત્ર ક્રમાંક F.73-4/85(NP-II), CCS (Commutation of Pension) Rule CCS (Pension) Rules 2021, CCS (Leave) Rules as amended from time to time અન્વયે સેવા નિવૃત્તિના લાભોની અંદાજિત

(1) કોમ્યુટેશનની રકમ રૂ.39,75,255/-

(2) ગ્રેજ્યુઈટીની રકમ રૂ.25,00,000/-

(3) રજાનું રોકડમાં રૂપાંતર રૂ.33,53,916/- આમ વયનિવૃત થયા પછી અંદાજિત કુલ રકમ રૂ. 98,29,171/- ચૂકવવા તથા

(4) તા.01.11.2025થી પેન્શન પ્રતિમાસ રૂ.65,460/- ભથ્થાઓ તથા

(5) તેમના પી.એફ. ચૂકવવા મંજૂરી આપવા બાબત.**(પરિશિષ્ટ-12)**

**ઠરાવ ૧૯** ડૉ. દીપુબા બાલાજી દેવડા (પ્રાધ્યાપક, શિક્ષણ વિભાગ, શિક્ષણ વિદ્યાશાખા, ગૂજરાત વિદ્યાપીઠ) તા.31.10.2025ને કાર્યાલય સમય બાદ સેવામાંથી વયનિવૃત્ત થતાં UGCનાં તા.20.08.1986નાં પત્ર ક્રમાંક F.73-4/85(NP-II), CCS (Commutation of Pension) Rule CCS (Pension) Rules 2021, CCS (Leave) Rules as amended from time to time અન્વયે સેવા નિવૃત્તિના લાભોની અંદાજિત

(1) કોમ્યુટેશનની રકમ રૂ.39,75,255/-,

(2) ગ્રેજ્યુઈટીની રકમ રૂ.25,00,000/-

(3) રજાનું રોકડમાં રૂપાંતર રૂ.33,53,916/- આમ વયનિવૃત થયા પછી અંદાજિત કુલ રકમ રૂ. 98,29,171/- ચૂકવવા તથા

(4) તા.01.11.2025થી પેન્શન પ્રતિમાસ રૂ.65,460/- ભથ્થાઓ તથા

(5) તેમના નિયમાનુસાર પી.એફ. ચૂકવવાનું મંજુર રાખ્યું.

**કાર્ય ૨૦** ડૉ. હસમુખભાઈ ઘેમરભાઈ દેસાઈ (પ્રાધ્યાપક, ગ્રામ અર્થશાસ્ત્ર વિભાગ, સામાજિક વિજ્ઞાન વિદ્યાશાખા, ગૂજરાત વિદ્યાપીઠ) તા.31.10.2025ને કાર્યાલય સમય બાદ સેવામાંથી વયનિવૃત્ત થતાં UGCનાં તા.20.08.1986નાં પત્ર ક્રમાંક F.73-4/85(NP-II), CCS (Commutation of Pension) Rules, CCS (Pension) Rules 2021, CCS (Leave) Rules as amended from time to time અન્વયે સેવા નિવૃત્તિના લાભોની અંદાજિત

(1) કોમ્યુટેશનની રકમ રૂ.35,30,726/-

(2) ગ્રેજ્યુઈટીની રકમ રૂ.25,00,000/-

(3) રજાનું રોકડમાં રૂપાંતર રૂ.27,53,575/- આમ વયનિવૃત થયા પછી અંદાજિત કુલ રકમ રૂ. 87,84,301/-ચૂકવવા તથા

(4)તા.01.11.2025થી પેન્શન પ્રતિમાસ રૂ.58,140/- ભથ્થાઓ તથા

(5) તેમના પી.એફ.ચૂકવવા મંજૂરી આપવા બાબત **(પરિશિષ્ટ-13)**

**ઠરાવ ૨૦** ડૉ. હસમુખભાઈ ઘેમરભાઈ દેસાઈ (પ્રાધ્યાપક, ગ્રામ અર્થશાસ્ત્ર વિભાગ, સામાજિક વિજ્ઞાન વિદ્યાશાખા, ગૂજરાત વિદ્યાપીઠ) તા.31.10.2025ને કાર્યાલય સમય બાદ સેવામાંથી વયનિવૃત્ત થતાં UGCનાં તા.20.08.1986નાં પત્ર ક્રમાંક F.73-4/85(NP-II), CCS (Commutation of Pension) Rules, CCS (Pension) Rules 2021, CCS (Leave) Rules as amended from time to time અન્વયે સેવા નિવૃત્તિના લાભોની અંદાજિત

(1) કોમ્યુટેશનની રકમ રૂ.35,30,726/-
(2) ગ્રેજ્યુઇટીની રકમ રૂ.25,00,000/-
(3) રજાનું રોકડમાં રૂપાંતર રૂ.27,53,575/- આમ વયનિવૃત થયા પછી અંદાજિત કુલ રકમ રૂ. 87,84,301/-ચૂકવવા તથા
(4) તા.01.11.2025થી પેન્શન પ્રતિમાસ રૂ.58,140/- ભથ્થાઓ તથા
(5) તેમના નિયમાનુસાર પી.એફ. ચૂકવવાનું મંજુર રાખ્યું.

**કાર્ય ૨૧** શ્રી બળદેવભાઇ પટેલ (ક્રાફ્ટ ઇન્સ્ટ્રક્ટર, ઔદ્યોગિક તાલીમ કેન્દ્ર) ઉચ્ચતર પગારધોરણ અને વય-નિવૃત્તિની જાણ અંગે.**(પરિશિષ્ટ-14)**

**ઠરાવ ૨૧** શ્રી બળદેવભાઇ પટેલ (ક્રાફ્ટ ઇન્સ્ટ્રક્ટર, ઔદ્યોગિક તાલીમ કેન્દ્ર) ઉચ્ચતર પગારધોરણ અને વય-નિવૃત્તિની નોંધ લેવામાં આવી.

**કાર્ય ૨૨** ભારત સરકારના Department of Pension & Pensioners Welfareના તા.04.08.2016ના ઓફિસ મેમોરેન્ડમ F.No.38/37/2016-P&PW(A)ના આધારે

**22.1** શ્રી કાશીરામ રામચંદ્ર મહાડીક (પેન્શનર)ને 80 વર્ષ પૂર્ણ થતાં તા.15.07.2025થી એડીશનલ પેન્શન સહિત અંદાજીત રકમ રૂ. 16,150/- + રૂ. 3,230/- =રૂ. 19,380/- ભથ્થાઓ સાથે ચૂકવવા મંજૂરી આપવા બાબત.

**22.2** શાંતાબેન ઘનશ્યામગીરી ગોસાઇ (ફેમીલી પેન્શનર)ને 85 વર્ષ પૂર્ણ થતાં તા.05.08.2025થી એડીશનલ પેન્શન સહિત અંદાજીત રકમ રૂ. 16,080/- + રૂ. 4,824/- =રૂ. 20,904/- ભથ્થાઓ સાથે ચૂકવવા મંજૂરી આપવા બાબત.

**22.3** ગંગાબેન સોમાભાઈ પટેલ (ફેમીલી પેન્શનર)ને 80 વર્ષ પૂર્ણ થતાં તા.29.09.2025થી એડીશનલ પેન્શન સહિત અંદાજીત રકમ રૂ. 11,280/- + રૂ. 2,256/- =રૂ. 13,536/- ભથ્થાઓ સાથે ચૂકવવા મંજૂરી આપવા બાબત.

**22.4** ડૉ. કાંતિભાઈ ચેલાભાઈ પરમાર (પેન્શનર)ને 80 વર્ષ પૂર્ણ થતાં તા.28.10.2025થી એડીશનલ પેન્શન સહિત અંદાજીત રકમ રૂ. 76,500/- + રૂ.15,300/- =રૂ. 91,800/- ભથ્થાઓ સાથે ચૂકવવા મંજૂરી આપવા બાબત.**(પરિશિષ્ટ-15)**

**ઠરાવ ૨૨** ભારત સરકારના Department of Pension & Pensioner's Welfareના તા.04.08.2016ના ઓફિસ મેમોરેન્ડમ F.No.38/37/2016-P&PW(A)ના આધારે

**22.1** શ્રી કાશીરામ રામચંદ્ર મહાડીક (પેન્શનર)ને 80 વર્ષ પૂર્ણ થતાં તા.15.07.2025થી એડીશનલ પેન્શન સહિત અંદાજીત રકમ રૂ. 16,150/- + રૂ. 3,230/- =રૂ. 19,380/- ભથ્થાઓ સાથે ચૂકવવા મંજૂરી આપવા બાબત.

**22.2** શાંતાબેન ઘનશ્યામગીરી ગોસાઇ (ફેમીલી પેન્શનર)ને 85 વર્ષ પૂર્ણ થતાં તા.05.08.2025થી એડીશનલ પેન્શન સહિત અંદાજીત રકમ રૂ. 16,080/- + રૂ. 4,824/- =રૂ. 20,904/- ભથ્થાઓ સાથે ચૂકવવા મંજૂરી આપવા બાબત.

**22.3** ગંગાબેન સોમાભાઈ પટેલ (ફેમીલી પેન્શનર)ને 80 વર્ષ પૂર્ણ થતાં તા.29.09.2025થી એડીશનલ પેન્શન સહિત અંદાજીત રકમ રૂ. 11,280/- + રૂ. 2,256/- =રૂ. 13,536/- ભથ્થાઓ સાથે ચૂકવવા મંજૂરી આપવા બાબત.

**22.4** ડૉ. કાંતિભાઈ ચેલાભાઈ પરમાર (પેન્શનર)ને 80 વર્ષ પૂર્ણ થતાં તા.28.10.2025થી એડીશનલ પેન્શન સહિત અંદાજીત રકમ રૂ. 76,500/- + રૂ.15,300/- =રૂ. 91,800/- ભથ્થાઓ સાથે ચૂકવવાનું મંજુર રાખ્યું.

**કાર્ય ૨૩** સ્વ. શ્રી શૈલેશભાઈ મનુપ્રસાદ ત્રિવેદી (અંગત મદદનીશ)ના પત્ની શ્રી શોભનાબહેન ત્રિવેદી (કુટુંબ પેન્શનર) ને સાતમા પગારપંચ પ્રમાણે પેન્શન ચૂકવવા નિર્ણય લેવા બાબત. **(પરિશિષ્ટ-16)**

**ઠરાવ ૨૩** સ્વ. શ્રી શૈલેશભાઈ મનુપ્રસાદ ત્રિવેદી (અંગત મદદનીશ)ના પત્નીશ્રી શોભનાબહેન ત્રિવેદી (કુટુંબ પેન્શનર)ને સાતમા પગારપંચ પ્રમાણે પેન્શન ચૂકવવા બાબતે ચર્ચા થઇ અને અંદાજે રૂ ૫,૯૪,૦૦૦ (રૂપિયા પાંચ લાખ ચોરાણું હજાર)ની વસુલાત ન થઇ શકવાને કારણે માંડવાળ કરવાનું અને શ્રી શોભનાબહેન ત્રિવેદી (કુટુંબ પેન્શનર)ને સાતમા પગારપંચ પ્રમાણે કુટુંબ પેંશન રૂ.૧૭,૦૭૦/-(રૂપિયા સત્તર હજાર સીત્તેર) તા.૦૧.૦૭.૨૦૨૫થી મોંઘવારી રાહત સાથે ચૂકવવા ઠરાવવામાં આવ્યું.

**કાર્ય ૨૪** શ્રી દીપકકુમાર હરજીવનદાસ સોલંકી (નિવૃત્ત મદદનીશ શિક્ષક, ગુજરાત વિનય મંદિર) ને રજા રોકડ રૂપાંતર રકમ રૂ. 13,01,556 અનુદાનમાંથી ચૂકવવાની મંજૂરી અંગે.**(પરિશિષ્ટ-17)**

**ઠરાવ ૨૪** શ્રી દીપકકુમાર હરજીવનદાસ સોલંકી (નિવૃત્ત મદદનીશ શિક્ષક, ગુજરાત વિનય મંદિર) ને રજા રોકડ રૂપાંતર રકમ રૂ. 13,01,556 જીલ્લા શિક્ષણ અધિકારીશ્રીના અનુદાનમાંથી ચૂકવવા ઠરાવવામાં આવ્યું.

**કાર્ય ૨૫** ડૉ. હરીભાઈ માધવલાલ પટેલ (મદદનીશ પ્રાધ્યાપક, ગાંધીદર્શન વિભાગ, સામાજિક વિજ્ઞાન વિધાશાખા) અને શ્રી કપિલ લક્ષ્મીચંદ દેશવાલ (મદદનીશ પ્રાધ્યાપક, ગાંધીદર્શન વિભાગ, સામાજિક વિજ્ઞાન વિધાશાખા)ની તા.04-04-2025થી શિક્ષણ વિભાગ, શિક્ષણ વિધાશાખા ખાતે બદલી કરવામાં આવી, જેને બહાલી આપવા અંગે. **(પરિશિષ્ટ-18)**

**ઠરાવ ૨૫** ડૉ. હરીભાઈ માધવલાલ પટેલ (મદદનીશ પ્રાધ્યાપક, ગાંધીદર્શન વિભાગ, સામાજિક વિજ્ઞાન વિધાશાખા) અને શ્રી કપિલ લક્ષ્મીચંદ દેશવાલ (મદદનીશ પ્રાધ્યાપક, ગાંધીદર્શન વિભાગ, સામાજિક વિજ્ઞાન વિધાશાખા)ની તા.04-04-2025થી શિક્ષણ વિભાગ, શિક્ષણ વિધાશાખા ખાતે બદલી કરવામાં આવી, જેને બહાલી આપવામાં આવી.

**કાર્ય ૨૬** આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રના કાયમી/ કરાર આધારિત કર્મચારીઓની મહેકમ સંબંધિત મૂળ અસલ ફાઈલો કાર્યપાલક નિયામકશ્રી, GTRTS, ગાંધીનગરને સોંપેલ છે, જેની બહાલી આપવા અંગે.**(પરિશિષ્ટ-19)**

**ઠરાવ ૨૬** આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રના કાયમી/ કરાર આધારિત કર્મચારીઓની મહેકમ સંબંધિત મૂળ અસલ ફાઈલો કાર્યપાલક નિયામકશ્રી, GTRTS, ગાંધીનગરને સોંપેલ છે, જેની બહાલી આપવામાં આવી.

**કાર્ય ૨૭** શ્રી જિતેન્દ્ર કરમશીભાઈ ઢેબરિયા (મદદનીશ પ્રાધ્યાપક, સમાજશાસ્ત્ર વિભાગ)ની તપાસ અધિકારીનાં અહેવાલ બાબતે નિર્ણય અર્થે.**(પરિશિષ્ટ-20)**

**ઠરાવ ૨૭** શ્રી જિતેન્દ્ર કરમશીભાઈ ઢેબરિયા (મદદનીશ પ્રાધ્યાપક, સમાજશાસ્ત્ર વિભાગ)ની તપાસ અધિકારીનાં અહેવાલ વંચાણે લેવામાં આવ્યો. શ્રી જિતેન્દ્ર કરમશીભાઈ ઢેબરીયા (મદદનીશ પ્રાધ્યાપક, સમાજશાસ્ત્ર વિભાગ) હાલમાં Academic Level-11 (68900-205200)માં Cell-8 મુજબ રૂ.84,800/- મૂળપગાર ધરાવે છે. અનઅધિકૃત ગેરહાજરી બાબતે તેમની ઉપર લગાવવામાં આવેલ તમામ આરોપો તેમણે સ્વીકાર્યા છે અને તપાસ અધિકારીનાં અહેવાલમાં પણ તે સાબિત થયા છે. ભારત સરકારના Central Civil Services (Classification,

Control and Appeal) Rules 1965, Part - V, Clause - 11 (vi) નિયમો અનુસાર તેમને મોટી શિક્ષાના ભાગ રૂપે કર્મચારીને પાયરી ઉતારની સજા કરવામાં આવે છે, જે અન્વયે નીચે મુજબ અસર ગણવાની રહેશે.

(૧) તેઓને એમ.ફિલ. ના અગ્રિમ ઇજાફા રદ કરવામાં આવે છે તે મુજબ નોશનલ પગાર બાંધણી કરવાની રહેશે.

(૨) તેઓનું પગાર ધોરણ Academic Level-૧૧ થી Academic Level-૧૦ પર નિયત કરવામાં આવે છે.

(૩) તેઓને આવનારા સમયની બઢતી માટે હવે પુન: જોડાયા તારીખથી નવેસરથી વર્ષની ગણતરી કરવાની રહેશે.

આમ તેઓ ફરજપર હાજર થાય ત્યારે તેમને મદદનીશ પ્રાધ્યાપક Academic Level-10 (57700-182400)માં Cell-11 મુજબ રૂ.77,500/- મૂળપગાર નિયત કરવામાં આવે છે.

તેઓ યુ.જી.સી. અધિનિયમની વખતોવખતની જોગવાઈ અન્વયે CAS અંર્તગત Academic Level-11 માટે નિયત સમય મર્યાદા અને ધોરણો પરિપૂર્ણ થયે અરજી કરી શકશે. નિયત સમયાવધિ તેઓ હવે પછીથી ફરજમાં હાજર થાય ત્યારથી ગણતરીમાં લેવાની રહેશે, નિવૃત્તિનાં લાભો તેમની મૂળ નિમણૂકથી નિયમિત ગણાશે અને ભવિષ્યમાં આવી ગંભીર ગેરશિસ્તનું પુનરાવર્તન ના થાય તેની તાકીદ કરવામાં આવે છે.
વધુમાં સદર સમીક્ષા બાદ હવેથી વિદેશ જતા તમામ કર્મચારીઓની દરખાસ્ત સામે રાજીનામું લેવાનું ઠરાવવામા આવ્યું.

**કાર્ય ૨૮** શ્રીમતી રીનાબહેન વિરેન્દ્રકુમાર બ્રહ્મભટ્ટ (નિમ્ન શ્રેણી કારકુન, કમ્પ્યૂટર વિજ્ઞાન વિભાગ)ને તા.01-05-2025થી નિમ્ન શ્રેણી કારકુનની ફરજમાંથી સસ્પેન્ડ(ફરજમોકૂફ) કરવામાં આવ્યા છે જેની બહાલી અંગે.**(પરિશિષ્ટ-21)**

**ઠરાવ ૨૮** શ્રીમતી રીનાબેન વિરેંદ્રકુમાર બ્રહ્મભટ્ટ, ગૂજરાત વિદ્યાપીઠમાં કમ્પ્યુટર વિજ્ઞાન વિભાગમાં નિમ્ન શ્રેણી કારકુન (Group C post) તરીકે ફરજ બજાવે છે. તેઓ ગૂજરાત વિદ્યાપીઠનાં કાયમી કર્મચારી છે. તેમનાં વિશે સમાચાર પત્રોમાથી પ્રાપ્ત થયેલ વિગતો મુજબ શ્રીમતી રીનાબેન વિરેંદ્રકુમાર બ્રહ્મભટ્ટની ચોરીનાં કેસમાં અમદાવાદ શહેર, વાડજ પોલીસ સ્ટેશન દ્વારા તેમની ધરપકડ કરી છે. તેમનાં કેસની ઉપલબ્ધ વિગતો અત્રેની કચેરીને પુરી પાડવા બાબતે પોલીસ ઇન્સ્પેકટરશ્રી, વાડજ પોલીસ સ્ટેશન, અમદાવાદ શહેરને પત્રથી જાણ કરી હતી. આ બાબતે તેમણે તા.30/04/2025નાં પત્રથી માહિતી આપી છે જેમાં "...ફરીયાદના કામે ગઈ તા-૧૬/૦૩/૨૦૨૫ થી તા-૨૨/૦૪/૨૦૨૫ના કલાક ૧૯/૩૦ વાગ્યા પહેલા કોઇ પણ સમયે કોઈ અજાણ્યા ચોર ઈસમે ફરીયાદીના ઘરમા પ્રવેશ કરી તિજોરીઓમા રાખેલ સોના-ચાંદીના દાગીના કિંમત રૂ. ૨૦,૪૨,૦૦૦/- તેમજ રૂપિયા ૬ લાખ રોકડા મળી કુલ્લે રૂ. ૨૬,૪૨,૦૦૦/- ના મતાની ચોરી કરી લઈ ગયેલ હોવાની રજુઆત મુજબે ઉપરોક્ત મુજબથી ગુનો દાખલ કરવામાં આવેલ ત્યારબાદ તપાસ દરમ્યાન સદર ગુનાની ઘરફોડ ચોરી કરનાર (૧) આરોપણ બહેન- રીનાબેન વા/ઓ વિરેંદ્રકુમાર સુરેશચંદ્ર બ્રહ્મભટ્ટ તથા તેમના (૨) પતિ- વિરેંદ્રકુમાર સુરેશચંદ્ર બ્રહ્મભટ્ટ ઉ.વ.૪૫ બંને રહે. મ.નં. ૧૦૪, આનંદ એપાર્ટમેંટ ગાયત્રી મંદિર પાસે જુના વાડજ અમદાવાદ શહેર નાઓને સદર ગુનામા તા-૨૩/૦૪/૨૦૨૫ ના કલાક ૧૨/૪૫ વાગે અટક કરવામાં આવેલ છે અને હાલમાં ઉપરોકત બંને આરોપી નામદાર કોર્ટની જયુડીશિયલ કસ્ટડીમા સાબરમતી જેલમા છે." તેમ જણાવ્યું છે.

ગૂજરાત વિદ્યાપીઠ (DU) રૂલ્સ- 2024, Establishment Rule 5(3) અને Rule 16 અને સેન્ટ્રલ સિવિલ સર્વિસીસ (વર્ગીકરણ, નિયંત્રણ અને અપીલ) નિયમો, 1965ના નિયમ 10ના પેટા-નિયમ (1)(b) અન્વયે શ્રીમતી રીનાબેન વિરેંદ્રકુમાર બ્રહ્મભટ્ટને ગૂજરાત વિદ્યાપીઠ, કંપ્યુટર વિજ્ઞાન વિભાગ, નિમ્ન શ્રેણી કારકુનની ફરજમાથી સસ્પેન્ડ (ફરજ મોકુફ) કરવામાં આવ્યા છે, જેની બહાલી આપવામાં આવે છે. તેમના તરફથી જરૂરી પ્રમાણપત્રો મળ્યેથી ફરજ મોકુફીના નિયમો અનુસાર વેતન ચૂકવાનું ઠરાવ્યું.

**કાર્ય ૨૯** ગૂજરાત વિદ્યાપીઠના સેવા આપતા કાયમી સેવકો માટે CGHSના દર મુજબ CGHS યાદીમાં માન્યતા આપવામાં આવી હોય તે માંદગી માટે જ 04 CGHS Hospitals –(1) Bodyline Hospital (2) CIMS Hospital Private Limited અને (3) SMT. S.M.S. Multispecialty Hospital અને (4) Aashu Dental & Multispecialty Clinic સાથે Memorandum of Understanding (MoU) કરવા મુસદ્દો તૈયાર કરેલ છે, જે માટે નિર્ણય લેવા અંગે. **(પરિશિષ્ટ-22)**

**ઠરાવ ૨૯** ગૂજરાત વિદ્યાપીઠના સેવા આપતા કાયમી સેવકો માટે CGHSના દર મુજબ CGHS યાદીમાં માન્યતા આપવામાં આવી હોય તે માંદગી માટે જ 04 CGHS Hospitals –(1) Bodyline Hospital (2) CIMS Hospital Private Limited અને (3) SMT. S.M.S. Multispecialty Hospital અને (4) Aashu Dental & Multispecialty Clinic સાથે Memorandum of Understanding (MoU) કરવાની મંજૂરી આપવામાં આવી.

**કાર્ય ૩૦** ગુજરાત સરકારના નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક નવપ/10/2020/ઑ-640/પી સચિવાલય, ગાંધીનગર તા. 16-04-2025 અને ક્રમાંક - જિશિઅ/માધ્ય/2025/918, તા. 23-04-2025ને આધિન શ્રી નરેશકુમાર પુરુષોત્તમદાસ પંચાલને નવી વર્ધિત પેન્શન યોજનામાંથી જૂની પેન્શન યોજનામાં સમાવવા જાણ થવા અંગે.**(પરિશિષ્ટ-23)**

**ઠરાવ ૩૦** ગુજરાત સરકારના નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક નવપ/10/2020/ઑ-640/પી સચિવાલય, ગાંધીનગર તા. 16-04-2025 અને ક્રમાંક - જિશિઅ/માધ્ય/2025/918, તા. 23-04-2025ને આધિન શ્રી નરેશકુમાર પુરુષોત્તમદાસ પંચાલને નવી વર્ધિત પેન્શન યોજનામાંથી જૂની પેન્શન યોજનામાં સમાવવા બાબતની નોંધ લેવામાંમા આવી.

**કાર્ય ૩૧** ગુજરાત વિનય મંદિર, અમદાવાદના (1) આચાર્ય ડૉ. હેમંતભાઈ ઓઝા, (2) મદદનીશ શિક્ષક શ્રીમતી ભાવનાબહેન પટેલ, (3) ગ્રંથપાલશ્રી સરોજબહેન ચૌધરીના જિલ્લાશિક્ષણાધિકારીશ્રી, અમદાવાદ શહેરના કચેરી આદેશો અન્વયે ગૂજરાત વિનય મંદિર, અમદાવાદની સેવાઓમાંથી તા. 11-06-2025થી શાળા સમય બાદની ફરજમુક્તિને બહાલી આપવા અંગે.**(પરિશિષ્ટ-24)**

**ઠરાવ ૩૧** ગુજરાત વિનય મંદિર, અમદાવાદના (1) આચાર્ય ડૉ. હેમંતભાઈ ઓઝા, (2) મદદનીશ શિક્ષક શ્રીમતી ભાવનાબહેન પટેલ, (3) ગ્રંથપાલશ્રી સરોજબહેન ચૌધરીના જિલ્લાશિક્ષણાધિકારીશ્રી, અમદાવાદ શહેરના કચેરી આદેશો અન્વયે ગૂજરાત વિનય મંદિર, અમદાવાદની સેવાઓમાંથી તા. 11-06-2025થી શાળા સમય બાદની ફરજમુક્તિને બહાલી આપવામાં આવી.

**કાર્ય ૩૨** ગૂજરાત કુમાર વિનય મંદિર તથા ગૂજરાત વિનય મંદિરમાં કરાર આધારિત મદદનીશ શિક્ષકો તથા તેડાગર તરીકે (જાહેરાત ક્રમાંક 01/2025-26) પસંદગી પામેલ સેવકોની નિમણૂક અને આનુસાંગિક ખર્ચની બહાલી આપવા અંગે. **(પરિશિષ્ટ-25)**

**ઠરાવ ૩૨** ગૂજરાત કુમાર વિનય મંદિર તથા ગૂજરાત વિનય મંદિરમાં કરાર આધારિત મદદનીશ શિક્ષકો તથા તેડાગર તરીકે (જાહેરાત ક્રમાંક 01/2025-26) પસંદગી પામેલ સેવકોની નિમણૂક, વેતન અને આનુસાંગિક ખર્ચની બહાલી આપવામાં આવી.

**કાર્ય ૩૩** ઉચ્ચ શિક્ષણના વિવિધ વિભાગોમાં શૈક્ષણિક તથા બિન-શૈક્ષણિક સેવકોની કરાર આધારિત ભરતીમાં (જાહેરાત ક્રમાંક 02 અને 03/2025-26) સેવકોની નિમણૂક અને આનુસાંગિક ખર્ચની મંજૂરી આપવા અંગે.**(પરિશિષ્ટ-26)**

**ઠરાવ ૩૩** ઉચ્ચ શિક્ષણના વિવિધ વિભાગોમાં શૈક્ષણિક તથા બિન-શૈક્ષણિક સેવકોની કરાર આધારિત ભરતીમાં (જાહેરાત ક્રમાંક 02 અને 03/2025-26) સેવકોની નિમણૂક, વેતન અને આનુસાંગિક ખર્ચની મંજુરી આપવામાં આવી.

**કાર્ય ૩૪** ડૉ. ધીરેનભાઈ બબાભાઈ પટેલ (પ્રોફેસર, કમ્પ્યૂટર વિજ્ઞાન વિભાગ)ને જાહેરનામાં નં.266/મહેકમ/F-270/2025-26, તા.04-06-2025 અન્વયે ગૂજરાત વિદ્યાપીઠનાં Part-Time Chief Vigilance Officer (CVO) તરીકે તા.05-06-2025થી 3 (ત્રણ) માસ માટે નિમણૂક કરવામાં આવી છે તેને મંજૂરી આપવા અંગે.**(પરિશિષ્ટ-27)**

**ઠરાવ ૩૪** ડૉ. ધીરેનભાઈ બબાભાઈ પટેલ (પ્રોફેસર, કમ્પ્યૂટર વિજ્ઞાન વિભાગ)ને જાહેરનામાં નં.266/મહેકમ/F-270/2025-26, તા.04-06-2025 અન્વયે ગૂજરાત વિદ્યાપીઠનાં Part-Time Chief Vigilance Officer (CVO) તરીકે તા.05-06-2025થી 3 (ત્રણ) માસ માટે નિમણૂક કરવામાં આવી છે તેને મંજૂરી આપવામાં આવી.

**કાર્ય ૩૫** તા.10-06-2025ના રોજ શિક્ષણ મંત્રાલય, ભારત સરકારના અધિકારીશ્રી તથા ગૂજરાત વિદ્યાપીઠના કુલસચિવશ્રી અને નાણાંઅધિકારી સાથે થયેલ ઑનલાઇન બેઠકમાં થયેલ ચર્ચા અનુસાર બિનશૈક્ષણિક જગ્યાઓનો ગુણોત્તર 1:1.1 જળવાય તે રીતે અનિવાર્ય હોય તેટલી જગ્યાઓ રાખી બાકીની જગ્યાઓ રદ કરવા તથા ભરતીના નિયમો મંજૂરી અર્થે શિક્ષણ મંત્રાલય, ભારત સરકારને મોકલવાના નિર્દેશ અંગે નિર્ણય થવા બાબત. **(પરિશિષ્ટ-28)**

**ઠરાવ ૩૫** તા.10-06-2025ના રોજ શિક્ષણ મંત્રાલય, ભારત સરકારના અધિકારીશ્રી તથા ગૂજરાત વિદ્યાપીઠના કુલસચિવશ્રી અને નાણાંઅધિકારીશ્રી સાથે થયેલ ઑનલાઇન બેઠકમાં થયેલ ચર્ચા અનુસાર બિનશૈક્ષણિક જગ્યાઓનો ગુણોત્તર 1:1.1 જળવાય તે રીતે અનિવાર્ય હોય તેટલી જગ્યાઓની સમીક્ષા કરવામાં આવી. કુલ મંજૂર થયેલ 254 બિનશૈક્ષણિક જગ્યાઓ પૈકી 62 જગ્યાઓ રદ્દ કરતાં શૈક્ષણિકઃબિન શૈક્ષણિક જગ્યાઓનો ગુણોત્તર 1:1.05 રહેશે જેની મંજૂરી આપવામાં આવી તથા બાકી રહેલ 192 જગ્યાઓનાં ભરતીના નિયમો મંજૂરી અર્થે યુ.જી.સી. અને શિક્ષણ મંત્રાલય, ભારત સરકારને મોકલવાના નિર્દેશ પ્રમાણે કાર્યવાહી કરવા મંજૂરી આપવામાં આવી.

**કાર્ય ૩૬** ગૂજરાત વિદ્યાપીઠની કાર્યવાહક સમિતિની તા. 05-06-2004ની બેઠકમાં તા. 05-02-2004ના રોજ મળેલ ગ્રિવેન્સ સમિતિની બેઠકના અહેવાલને ઠરાવ નં.4થી બહાલી આપવામાં આવી છે. આથી શ્રી પીયૂષકુમાર રમણલાલ શાહ(નાયબ કુલસચિવ)ને આપવામાં આવેલ ચાર્જશીટ અન્વયે તપાસ અધિકારીશ્રીનાં અહેવાલ સંદર્ભે બોર્ડ ઑફ મેનેજમેન્ટની તા. 12-06-2023ની બેઠકના ઠરાવ નં. 8 બાબતે કોઇ કાર્યવાહી કરવાની થતી નથી તે બાબતને બહાલી આપવા અંગે.

**ઠરાવ ૩૬** ગૂજરાત વિદ્યાપીઠની કાર્યવાહક સમિતિની તા. 05-06-2004ની બેઠકમાં તા. 05-02-2004ના રોજ મળેલ ગ્રિવેન્સ સમિતિની બેઠકના અહેવાલને ઠરાવ નં.4થી બહાલી આપવામાં આવી છે. જેથી આ બાબતે શ્રી પીયૂષકુમાર રમણલાલ શાહ(નાયબ કુલસચિવ)ને આપવામાં આવેલ ચાર્જશીટ અન્વયે તપાસ અધિકારીશ્રીનાં અહેવાલ સંદર્ભે કોઈ આક્ષેપો રહેતા ન હોઈ બોર્ડ ઑફ મેનેજમેન્ટની તા. 12-06-2023ની બેઠકના ઠરાવ નં. 8 બાબતે કોઈ કાર્યવાહી કરવાની થતી નથી તે બાબતને પુખ્ત ચર્ચા વિચારણાને અંતે બહાલી આપવામાં આવી.

**કાર્ય ૩૭** ગૂજરાત વિદ્યાપીઠના નિવૃત્ત થયેલ શૈક્ષણિક તેમજ બિનશૈક્ષણિક સેવકોના સન્માન સમારોહનું આયોજન તા. 09-05-2025ના રોજ હીરક મહોત્સવ હૉલ ખાતે કરવામાં આવ્યું જેની જાણ તથા નોંધ લેવા અંગે.

**ઠરાવ ૩૭** ગૂજરાત વિદ્યાપીઠના નિવૃત્ત થયેલ શૈક્ષણિક તેમજ બિનશૈક્ષણિક સેવકોના સન્માન સમારોહનું આયોજન તા. 09-05-2025ના રોજ હીરક મહોત્સવ હૉલ ખાતે કરવામાં આવ્યું જે બાબતે નોંધ લીધી.

**કાર્ય ૩૮** ગૂજરાત વિદ્યાપીઠના વહીવટી કામગીરી સાથે સંકળાયેલ સેવકો માટે હીરક મહોત્સવ હૉલમાં કુલસચિવશ્રી ડૉ. હિમાંશુભાઈ પટેલ દ્વારા તાલીમ આપવામાં આવી, જેની નોંધ લેવા અંગે.

| ક્રમ | તારીખ | તાલીમની વિગત | સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ૨૦.૦૫.૨૫ | Standard Procedure of File Submission | ૧૧૮ |
| ૨ | ૨૬.૦૫.૨૫ | Gujarat Vidyapith Office work with AI | ૮૬ |

**ઠરાવ ૩૮** ગૂજરાત વિદ્યાપીઠના વહીવટી કામગીરી સાથે સંકળાયેલ સેવકો માટે હીરક મહોત્સવ હૉલમાં કુલસચિવશ્રી ડૉ. હિમાંશુભાઈ પટેલ દ્વારા તાલીમો આપવામાં આવી જેની નોંધ લેવામાં આવી.

**કાર્ય ૩૯** ભારત સરકારના શિક્ષણ મંત્રાલયની આંતરિક અન્વેષણ શાખા દ્વારા વર્ષ ૨૦૧૮ થી વર્ષ૨૦૨૧ સુધીના સમયગાળાનું ઓડીટ કરેલ. સદર ઓડીટ પેરાના સંસ્થાએ કરેલા જવાબો અન્વયે પત્ર ક્રમાંક IAW/IAR/2025-26/2610/129 Dated 30.5.2025 અન્વયે કુલ ૩૪ વાંધા(પેરા) પૈકી ૨૯નું નિરાકરણ થયેલ છે જેની નોંધ લેવા અંગે.**(પરિશિષ્ટ-29)**

**ઠરાવ ૩૯** તા.૩૦.૦૬.૨૫ ના રોજ વર્ષ ૨૦૨૫-૨૬ની દ્વિતીય નાણાકીય સમિતિના ઠરાવ -૬ અન્વયે ભારત સરકારના શિક્ષણ મંત્રાલયની આંતરિક અન્વેષણ શાખા દ્વારા વર્ષ ૨૦૧૮ થી વર્ષ ૨૦૨૧ સુધીના સમયગાળાનું ઓડીટ કરેલ. સદર ઓડીટ પેરાના સંસ્થાએ કરેલા જવાબો અન્વયે પત્ર ક્રમાંક IAW/IAR/2025-26/2610/129 Dated 30.5.2025 અન્વયે કુલ ૩૪ વાંધા(પેરા) પૈકી ૨૯નું નિરાકરણ થયેલ છે જે બાબતે નોંધ લીધી અને બાકીના પેરા માટે યોગ્ય પત્રો પાઠવવા ઠરાવવામાં આવ્યું.

**કાર્ય ૪૦** ડૉ.પ્રસન્ન બીપીનભાઈ ગાંધી(સીનીયર ટેકનિકલ આસીસ્ટન્ટ, પ્રકાશન અને જન સંપર્ક શાખા) તા.૨૧.૦૮.૨૫થી ૨૧.૧૧.૨૫ સુધી કુલ દિવસ ૯૩ માટે હક રજાઓ સાથે "હેલ્થ કેર ફોર ડોટર એન્ડ લાઈફ સેટલમેન્ટ" માટે ન્યુઝીલેન્ડ સ્વખર્ચે વિદેશ પ્રવાસ જવા મંજૂરી માંગી છે જે અંગે નિર્ણય થવા બાબત. **(પરિશિષ્ટ-30)**

**ઠરાવ ૪૦** ડૉ.પ્રસન્ન બીપીનભાઈ ગાંધી(સીનીયર ટેકનિકલ આસીસ્ટન્ટ, પ્રકાશન અને જન સંપર્ક શાખા)

તા.૨૧.૦૮.૨૫થી ૨૧.૧૧.૨૫ સુધી કુલ દિવસ ૯૩ માટે હક રજાઓ સાથે “હેલ્થ કેર ફોર ડોટર એન્ડ લાઈફ સેટલમેન્ટ” માટે ન્યુઝીલેન્ડ સ્વખર્ચે વિદેશ પ્રવાસ જવા મંજૂરી આપવામાં આવી. વધુમાં જે સેવકો હવે પછી વિદેશ પ્રવાસ કરવા માંગતા હોય તેઓએ તેમની વિદેશ પ્રવાસની દરખાસ્તમાં રાજીનામાનો પત્ર બાંહેધરી તરીકે નિયત નમૂનામાં જોડવાનો રહેશે તેમ ઠરાવવામાં આવ્યું.

**કાર્ય ૪૧** ડો.હરિભાઈ પટેલ (મદદનીશ પ્રાધ્યાપક)ની CAS એકેડમિક લેવલ ૧૧થી એકેડમિક લેવલ-૧૨ માટે મંજૂરી આપવા અર્થે રજૂ.**(પરિશિષ્ટ-31)**

**ઠરાવ ૪૧** ડો.હરિભાઈ પટેલ (મદદનીશ પ્રાધ્યાપક)ની CAS એકેડમિક લેવલ ૧૧થી એકેડમિક લેવલ-૧૨ માટે મંજૂરી આપવામાં આવી.

**પરીક્ષા શાખા (Exam Branch)**

**કાર્ય ૪૨** વસંતપંચમી સત્રની પરીક્ષા તા. ૦૧ મે થી ૭ મે ૨૦૨૫ દરમિયાન યોજાઈ જેમાં કુલ ૧૬૨૨ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી, “શીખવે તે મૂલવે” સિધ્ધાંત અનુસાર તા.૧૨ મે સુધીમાં પરીક્ષણ પૂર્ણ કરી ૧૩ મે ૨૦૨૫ના રોજ ‘પરીક્ષા-પરીક્ષણ-પરિણામ’ કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓને ગુણપત્રક આપવામાં આવ્યા જેની નોંધ લેવા બાબત. **(પરિશિષ્ટ-32)**

**ઠરાવ ૪૨** વસંતપંચમી સત્રની પરીક્ષા તા. ૦૧ મે થી ૭ મે ૨૦૨૫ દરમિયાન યોજાઈ જેમાં કુલ ૧૬૨૨ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી, “શીખવે તે મૂલવે” સિધ્ધાંત અનુસાર તા.૧૨ મે સુધીમાં પરીક્ષણ પૂર્ણ કરી ૧૩ મે ૨૦૨૫ના રોજ ‘પરીક્ષા-પરીક્ષણ-પરિણામ’ કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓને ગુણપત્રક આપવામાં આવ્યા જે બાબતે નોંધ લીધી.

**કાર્ય ૪૩** ગૂજરાત વિદ્યાપીઠમાં શૈક્ષણિક સિદ્ધિ અને સહઅભ્યાસિક પ્રવૃત્તિઓમાં ઉત્કૃષ્ટ દેખાવ/સિદ્ધિ પ્રાપ્ત કરનારને વિવિધ દાતાઓ દ્વારા સમયાંતરે ચંદ્રક અને રોકડ પુરસ્કારની પ્રવર્તમાન જોગવાઈની સમીક્ષા કરવા તથા વિવિધ વિદ્યાશાખા/વિભાગના માટે ચંદ્રક અને ક્રમાંક પ્રમાણપત્ર નિયત કરવા બાબત. **(પરિશિષ્ટ-33)**

**ઠરાવ ૪૩** ગૂજરાત વિદ્યાપીઠમાં શૈક્ષણિક સિદ્ધિ અને સહઅભ્યાસિક પ્રવૃત્તિઓમાં ઉત્કૃષ્ટ દેખાવ/સિદ્ધિ પ્રાપ્ત કરનારને વિવિધ દાતાઓ દ્વારા સમયાંતરે ચંદ્રક અને રોકડ પુરસ્કારની પ્રવર્તમાન જોગવાઈની સમીક્ષા અને વિવિધ વિદ્યાશાખા/વિભાગના માટે ચંદ્રક અને ક્રમાંક પ્રમાણપત્ર નિયત કરવા સંદર્ભે નીચે મુજબની વિગતો ઠરાવવામાં આવી.

**(૧)** વિવિધ ચંદ્રકો બાબતે

૧.૧ શિક્ષણ/હિન્દી શિક્ષક વિષયમાં શ્રી પ્રમોદ ઉમેદરાય જોશી ના બે ચન્દ્રકના સ્થાને એક બી.એડ. સુવર્ણચંદ્રક વર્ષ ૨૦૩૦ સુધી.

૧.૨ ગાંધીદર્શન વિષયમાં શ્રી ગિરાબહેન ચંદ્રકાન્ત વોરા સુવર્ણચંદ્રક અને શ્રી વજુભાઈ શાહ સુવર્ણચંદ્રક એમ બે ચંદ્રકના સ્થાને શ્રી ગિરાબહેન ચંદ્રકાન્ત વોરા અને શ્રી વજુભાઈ શાહ ના સંયુક્ત નામે એક સુવર્ણચંદ્રક વર્ષ ૨૦૩૦ સુધી.

૧.૩ સમાજશાસ્ત્ર વિષયમાં શ્રી વિનીત આર. લાલ ચંદ્રક વર્ષ ૨૦૩૦ સુધી.

૧.૪ અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, ઇતિહાસ વિષય ના સ્થાને સામાજિક વિજ્ઞાન વિદ્યાશાખાના વિદ્યાર્થીને શ્રી ઇન્દિરાબહેન હિર્વે ચંદ્રક વર્ષ ૨૦૩૦ સુધી.

૧.૫ બાકીના ચંદ્રકોની સમયાવધી પૂર્ણ થયેલ છે તેમ ઠરાવવામાં આવ્યું

(૨) વિધાશાખામાં સમાવિષ્ટ વિભાગમાં ક્રમાંક પ્રાપ્ત વિદ્યાર્થી પૈકી નિયત ધોરણો આધારિત એક વિદ્યાર્થીને સુવર્ણચંદ્રક આપવો.

(૩) આ સુવર્ણચંદ્રકો પદવીદાન સમારંભ-2025થી જ એનાયત કરવા.

વધુમાં દાન આપનાર દાતાશ્રીને મેડલ બાબતે પત્ર લખવાનું ઠરાવ્યું.

**કાર્ય ૪૪** ગૂજરાત વિદ્યાપીઠના ૭૧મા પદવીદાન સમારોહમા સ્નાતક ૧૩૧, સ્નાકોત્તર ૧૫૫, અનુસ્નાતક ડીપ્લોમા ૨૪, અનુસ્નાતક ૩૩૫, એમ.ફીલ ૦૪, પીએચ.ડી ૬૮ એમ કુલ ૭૧૭ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવા માટે મંજૂરી અને આયોજનનો અંદાજીત ખર્ચ રૂ.૩૦ લાખ મંજૂર કરવા અંગે.

**ઠરાવ ૪૪** ગૂજરાત વિદ્યાપીઠના ૭૧મા પદવીદાન સમારોહમા સ્નાતક ૧૩૧, સ્નાકોત્તર ૧૫૫, અનુસ્નાતક ડીપ્લોમા ૨૪, અનુસ્નાતક ૩૩૫, એમ.ફીલ ૦૪, પીએચ.ડી ૬૮ એમ કુલ ૭૧૭ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવા અને આયોજનનો અંદાજીત ખર્ચ રૂ. ૩૦ લાખની મંજૂરી આપવાની બાબત મંજુર રાખી.

## હિસાબ શાખા (Account Branch)

**કાર્ય ૪૫** ગૂજરાત વિદ્યાપીઠ (ડિમ્ડ યુનિવર્સિટી) વર્ષ ૨૦૨૪-૨૫ના તા. ૦૧-૦૪-૨૪થી તા.૩૧-૦૩-૨૫ ના આંતરિક અન્વેષણના અહેવાલ અંગે.

**ઠરાવ ૪૫** ગૂજરાત વિદ્યાપીઠ (ડિમ્ડ યુનિવર્સિટી) વર્ષ ૨૦૨૪-૨૫ના તા. ૦૧-૦૪-૨૪થી તા.૩૧-૦૩-૨૫ ના આંતરિક અન્વેષણના અહેવાલની નોધ લીધી.

**કાર્ય ૪૬** ગૂજરાત વિદ્યાપીઠ (ડિમ્ડ યુનિવર્સિટી) માટે વર્ષ ૨૦૨૫-૨૬ના નાણાંકીય હિસાબો માટે -
(૧) આંતરિક અન્વેષક
(૨) સ્ટેચ્યુટરી અન્વેષક
(૩) જીએસટી, ટીડીએસ રીટર્ન્સ જેવી સેવાઓ લેવા માટે સંસ્થા/પેઢીની નિયુક્તિ કરવા બાબત.

**ઠરાવ ૪૬** ગૂજરાત વિદ્યાપીઠ (ડિમ્ડ યુનિવર્સિટી) માટે વર્ષ 2025-26 ના નાણાંકીય હિસાબો માટે (1) આંતરિક અન્વેષક તરીકે કે.પી.શાહ એન્ડ કું. અને (2) સ્ટેચ્યુટરી અન્વેષક તરીકે ધીરુભાઇ શાહ એન્ડ કું. ની સેવાઓ નાણાંકીય વર્ષ 2025-26 માટે હાલની શરતો મુજબ લંબાવવામાં આવે છે. ઉપરોક્ત બંનેને હાલ ચૂકવવામાં આવતી ફી Rs.3,00,000/-(GST અલગથી) મુજબ નાણાંકીય વર્ષ 2025-26 ચૂકવણી કરવામાં આવશે. (3) જીએસટી, ટીડીએસ રીટર્ન્સ અને તેની આનુસંગીક સેવાઓ આર.એમ.પી.એસ એન્ડ કંપનીને આપેલા વર્ક ઓર્ડર તા.20.09.2024 પ્રમાણે સેવાઓ મેળવવી એમ ઠરાવવામાં આવ્યું.

**કાર્ય ૪૭** ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ પરિસરમાં વર્ષ ૨૦૧૯મા 191KW સોલર પાવર પ્લાન્ટનું ઇન્સ્ટોલેશન Pegasus Power & Infra LLP દ્વારા કરવામાં આવ્યું હતું. તેના કુલ ખર્ચ રૂ. 92,20,365/- માંથી રૂ. 86,43,754/- ચૂકવવામાં આવેલ હતા. તેની બાકી રહેલ રકમ રૂ. 5,76,611/- Pegasus Power & Infra LLPને ચૂકવવા મંજૂરી આપવા અંગે. **(પરિશિષ્ટ-34)**

**ઠરાવ ૪૭** ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ પરિસરમાં વર્ષ 2019 માં 191KW સોલર પાવર પ્લાન્ટ માટે Pegasus Power & Infra LLP ને સપ્લાય, ઇન્સ્ટોલેશન, કમિશનિંગ, કોમ્પ્રીહેન્સિવ, અને

પાંચ વર્ષના સમયગાળા માટે કોન્ટ્રાક્ટ આપેલ હતો. તેના કુલ ખર્ચ રૂ. 92,20,365/- માંથી રૂ. 86,43,754/- ચૂકવવામાં આવેલ હતા. તેની બાકી રહેલ રકમ રૂ. 5,76,611/- Pegasus Power & Infra LLPને ચૂકવવા બાબતે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી અને ઠરાવવામાં આવ્યું કે આ એજન્સીને Rs. 3,00,000/- (ડીપોઝીટ) + Rs. 1,00,000/- (બાકી રકમ) પેટે ચૂકવવા. એજન્સી પાસેથી સોલર પાવર પ્લાન્ટના મેન્ટેનન્સ વર્ક બાબતે પત્ર મેળવવો અને ત્યાર બાદ ઉપરોક્ત ચૂકવણી કરવા બાબત ઠરાવ કરવામાં આવ્યો.

**કાર્ય ૪૮** ગૂજરાત વિદ્યાપીઠ ખાતે કાયમી અને કરાર આધારિત સેવકો ઉપરાંત પરચૂરણ કામ જેવા કે સાફસફાઈ, સુથારીકામ, કડિયાકામ, ઇલેક્ટ્રિકકામ, પ્લમ્બિંગકામ, માળીકામ માટે દૈનિક ધોરણે તથા છુટક મજૂરીથી કામગીરી લેવામાં આવે છે જે સંદર્ભે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં થયેલ કુલ ખર્ચ રૂ.૧૭,૮૫,૮૬૭/- ની મંજૂરી અને જાણ અર્થે રજૂ.**(પરિશિષ્ટ-35)**

**ઠરાવ ૪૮** ગૂજરાત વિદ્યાપીઠ ખાતે કાયમી અને કરાર આધારિત સેવકો ઉપરાંત પરચૂરણ કામ જેવા કે સાફસફાઈ, સુથારીકામ, કડિયાકામ, ઇલેક્ટ્રિકકામ, પ્લમ્બિંગકામ, માળીકામ માટે દૈનિક ધોરણે તથા છુટક મજૂરીથી કામગીરી લેવામાં આવે છે જે સંદર્ભે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં થયેલ કુલ ખર્ચ રૂ.૧૭,૮૫,૮૬૭/- ની નોધ લેવા અને સદર ખર્ચની મંજૂરી આપવા આવી.

**કાર્ય ૪૯** વિકાસ વિભાગમાં ચાલતા જુદા જુદા અભ્યાસક્રમની વાર્ષિક ફી બાબતે ચર્ચા કરવા અંગે.

**ઠરાવ ૪૯** વિકાસ વિભાગમાં ચાલતા કોપા અભ્યાસક્રમની ફી રુ.8,000/- થી રુ.10,000/- કરવા અને અન્ય અભ્યાસક્રમોની ફી યથાવત રાખવા બાબતે અને ગુજરાત કુમાર વિનય મંદિરના ધોરણ 12ના વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા બાબત પુખ્ત ચર્ચા વિચારણાને અંતે મંજુર રાખી.

**જાગીર શાખા (Estate Branch)**

**કાર્ય ૫૦** ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ પરિસરના વિવિધ બિલ્ડીંગમાં ગત વર્ષે ઉનાળુ વેકેશન દરમિયાન રંગ-રોગાનની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ વર્ષે પણ સદર કામગીરી માટે નીચે મુજબના બિલ્ડીંગમાં એમ્પેનલ એજન્સીઓને સોંપવામાં આવેલ છે જેનો કુલ અંદાજીત ખર્ચ રૂ.80,57,939/- છે જેની બહાલી આપવા અંગે.

| ક્રમ | બિલ્ડીંગ | રકમ |
|---|---|---|
| 1 | કમ્પ્યૂટર વિભાગ | રૂ.32,136/- |
| 2 | મંગલપ્રભાત અતિથિગૃહ | રૂ.5,98,999/- |
| 3 | 16+12 રૉહાઉસ | રૂ.13,22,969/- |
| 4 | કુમાર છાત્રાલય | રૂ.23,25,328/- |
| 5 | વિજ્ઞાન ભવન (એસ.આર.સી) | રૂ.5,51,248/- |
| 6 | મહાદેવ દેસાઈ સમાજસેવા સંકુલ | રૂ.8,46,821/- |
| 7 | વિનય મંદિર | રૂ.20,70,528/- |
| 8 | ગ્રંથાલય વિભાગ | રૂ.3,09,910/- |
| | **કુલ ખર્ચ** | **રૂ.80,57,939/-** |

**ઠરાવ ૫૦** ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ પરિસરના વિવિધ બિલ્ડીંગમાં ગત વર્ષે ઉનાળુ વેકેશન દરમિયાન રંગ-રોગાનની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ વર્ષે પણ સદર કામગીરી માટે નીચે મુજબના બિલ્ડીંગમાં એમ્પેનલ એજન્સીઓની નોંધ લેવામાં આવી જે પૈકી તેમને સોંપવામાં આવેલ ઉપરોક્ત સારણી મુજબ કામગીરીનો કુલ અંદાજીત ખર્ચ રૂ. 80,57,939/- અને તમામ પ્રક્રિયાની બહાલી આપવા આવી.

**કાર્ય ૫૧** આદિવાસી કેન્દ્ર,ગૂજરાત વિદ્યાપીઠનું પ્રવેશદ્વાર ઉધઈના કારણે ખરાબ થયેલ હોઈ તેનો મરામતનો ખર્ચ રૂ.1,13,888/- થયેલ છે જેની બહાલી આપવા અંગે.

**ઠરાવ ૫૧** આદિવાસી કેન્દ્ર,ગૂજરાત વિદ્યાપીઠનું પ્રવેશદ્વાર ઉધઈના કારણે ખરાબ થયેલ હોઈ તેનો મરામતનો ખર્ચ રૂ.1,13,888/- થયેલ છે જેની બહાલી આપવા આવી.

**કાર્ય ૫૨** ગૂજરાત વિદ્યાપીઠ મંગલપ્રભાત અતિથિગૃહ પાછળના ભાગમાં પેવર બ્લોક કામગીરી એમ્પેનલ એજન્સી ઝોર્યન ઇન્ફ્રાસપેસને રૂ. ૩,૪૯,૭૦૪/-થી આપવામાં આવેલ છે જેની બહાલી આપવા અંગે. (વર્કઓર્ડર નં. 213)

**ઠરાવ ૫૨** ગૂજરાત વિદ્યાપીઠ મંગલપ્રભાત અતિથિગૃહ પાછળના ભાગમાં પેવર બ્લોક કામગીરી એમ્પેનલ એજન્સી ઝોર્યન ઇન્ફ્રાસપેસને રૂ.૩,૪૯,૭૦૪/-થી આપવામાં આવેલ છે જેની બહાલી આપવામાં આવી.

**કાર્ય ૫૩** કુમાર છાત્રાલયમાં વરસાદી પાણીના નિકાલ માટે એમ્પેનલ એજન્સી ગ્લોબલ ઇન્ફ્રાટેલનેથી રૂ.૧૮,૦૦,૦૦૦/-ની કામગીરી આપેલ છે જે પૈકી "HDPE DWC ૪૬૦mm PIPE" અંદાજીત કીમત રૂ. ૮,૫૦,૦૦૦/- પાઈપ ARC ટેન્ડરમાં સમાવિષ્ટ નહતી. સદર કામગીરી વેકેશન દરમિયાન અને વરસાદ શરુ થાય તે પહેલા પૂર્ણ કરવાની હોઈ સદર પાઈપ સાથેની કામગીરી આપેલ છે જે બહાલી અર્થે રજૂ.(વર્કઓર્ડર નં.218)

**ઠરાવ ૫૩** કુમાર છાત્રાલયમાં વરસાદી પાણીના નિકાલ માટે એમ્પેનલ એજન્સી ગ્લોબલ ઇન્ફ્રાટેલનેથી રૂ.૧૮,૦૦,૦૦૦/-ની કામગીરી આપેલ છે જે પૈકી "HDPE DWC ૪૬૦mm PIPE" અંદાજીત કીમત રૂ. ૮,૫૦,૦૦૦/- પાઈપ ARC ટેન્ડરમાં સમાવિષ્ટ નહતી. સદર કામગીરી વેકેશન દરમિયાન અને વરસાદ શરુ થાય તે પહેલા પૂર્ણ કરવાની હોઈ સદર પાઈપ સાથેની કામગીરી આપેલ છે જેને બહાલી આપવામાં આવી.

**કાર્ય ૫૪** વર્ષ 2025-26નો ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ પરિસરનો રૂ. 45,03,080/- અને રાંધેજા પરિસરનો રૂ. 2,54,458/- એડવાન્સ પ્રોપર્ટી ટેક્સ ઓનલાઈન ભરતાં કુલ રૂ.૫,૫૬,૯૦૦/- (૫,૩૫,૨૮૭+૨૧,૬૧૩) ની બચત થઈ તે ધ્યાને લેવા બાબત.

**ઠરાવ ૫૪** વર્ષ 2025-26નો ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ પરિસરનો રૂ. 45,03,080/- અને રાંધેજા પરિસરનો રૂ. 2,54,458/- એડવાન્સ પ્રોપર્ટી ટેક્સ ઓનલાઈન ભરતાં કુલ રૂ.૫,૫૬,૯૦૦/- (૫,૩૫,૨૮૭+૨૧,૬૧૩) ની બચત થઈ તેની સરાહનીય નોંધ લેવામાં આવી.

**કાર્ય ૫૫** ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ પરિસરમાં કૃપલાની ભવનની બાજુમા આવેલ બ્લોક નં. 3ના જૂના બિલ્ડીંગના સ્ટ્રક્ચરલ રિપોર્ટ અન્વયે તેમને જમીનદોસ્ત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો જેમાં,

**55.1** કૃપલાની ભવનની બાજુમા આવેલ બ્લોક નં. 3 (12 ફ્લેટ)ના જમીનદોસ્ત કરવાની

કામગીરી શ્રી મહાકાળી સ્ક્રેપને રૂ. 7.51 લાખના ભાવથી સોંપેલ છે. (વર્ક ઓર્ડર નં.220). વધુમાં

55.2 કુમાર છાત્રાલયના એમ. ફિલ. બિલ્ડીંગ,રસોડું તથા ટોઈલેટ બ્લોકને જમીનદોસ્ત કરવાની કામગીરી આર.બી. એન્ટરપ્રાઈઝને રૂ.૨.૫૧ લાખના ભાવથી સોંપેલ છે. સદર બાબતની બહાલી આપવા અંગે. (વર્ક ઓર્ડર નં.219)

**ઠરાવ ૫૫** **55.1** ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ પરિસરમાં કૃપલાની ભવનની બાજુમા આવેલ બ્લોક નં. 3 (12 ફ્લેટ) - જૂના બિલ્ડીંગના સ્ટ્રક્ચરલ રિપોર્ટ અન્વયે જમીનદોસ્ત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો, જે અન્વયે સદર કામગીરી શ્રી મહાકાળી સ્ક્રેપને વર્ક ઓર્ડર નં.220 થી રૂ. 7.51 લાખના ભાવથી સોંપેલ છે.

**55.2** કુમાર છાત્રાલયના એમ. ફિલ. બિલ્ડીંગ,રસોડું તથા ટોઈલેટ બ્લોકને જમીનદોસ્ત કરવાની કામગીરી આર.બી. એન્ટરપ્રાઈઝને વર્ક ઓર્ડર નં.219થી રૂ.૨.૫૧ લાખના ભાવથી સોંપેલ છે. ઉપરોક્ત બાબતની બહાલી આપવામાં આવી.

## વિદ્યાર્થી રમતગમત, સાંસ્કૃતિક અને કલ્યાણ શાખા
## (Student Sports, Cultural and Welfare Branch)

**કાર્ય ૫૬** એનસીસી ડિરેક્ટોરેટ ગુજરાત દ્વારા ગુજરાત વિદ્યાપીઠને 1 ગુજરાત બટાલિયન અંતર્ગત 106 SD/SW એનસીસી યુનિટ પ્રથમવાર મંજૂર કરવામાં આવ્યો છે તેની નોંધ લેવા બાબત. **(પરિશિષ્ટ-36)**

**ઠરાવ ૫૬** એનસીસી ડિરેક્ટોરેટ ગુજરાત દ્વારા ગુજરાત વિદ્યાપીઠને 1 ગુજરાત બટાલિયન અંતર્ગત 106 SD/SW એનસીસી યુનિટ પ્રથમવાર મંજૂર કરવામાં આવ્યો છે તેની નોંધ લેવામાં આવી.

**કાર્ય ૫૭** 15 મે થી 24 જૂન 2025 દરમિયાન યોજાયેલ SWAPNA- 2025મા 15 ભાઈઓ અને 15 બહેનો એમ કુલ 30 વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ છે. આ માટે કુલ રૂ. 6,00,000/- મંજૂર થયેલ ખર્ચની જાણ તથા નોંધ લેવા અંગે.**(પરિશિષ્ટ-37)**

**ઠરાવ ૫૭** 15 મે થી 24 જૂન 2025 દરમિયાન યોજાયેલ SWAPNA- 2025મા 15 ભાઈઓ અને 15 બહેનો એમ કુલ 30 વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ છે. આ માટે કુલ રૂ. 6,00,000/- મંજૂર થયેલ ખર્ચની નોંધ લેવામાં આવી.

**કાર્ય ૫૮** શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન વિવિધ શૈક્ષણિક વિભાગ-વિદ્યાશાખા દ્વારા સત્રાંત દિન તથા સ્નાતક સંઘના સંયુક્ત ઉપક્રમે યોજેલ પૂર્વ વિદ્યાર્થી સંમેલનની વિગતોથી માહિતગાર થવા બાબત. **(પરિશિષ્ટ-38)**

**ઠરાવ ૫૮** શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન વિવિધ શૈક્ષણિક વિભાગ-વિદ્યાશાખા દ્વારા સત્રાંત દિન તથા સ્નાતક સંઘના સંયુક્ત ઉપક્રમે યોજેલ પૂર્વ વિદ્યાર્થી સંમેલનની વિગતોની નોંધ લેવામાં આવી. જે વિભાગના સત્રાંત દિન અને પૂર્વ વિદ્યાર્થી સંમેલન બાકી રહ્યા હોય તેમને તાત્કાલિક પૂર્ણ કરવા શાખાએ પત્ર પાઠવવો.

**કાર્ય ૫૯** અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન દ્વારા સાબરમતી નદીના પટને સાફ કરવાની કામગીરીમાં તા. 24-05-2025ના રોજ આદરણીય કુલાધિપતિશ્રી

આચાર્ય દેવવ્રતજીની આગેવાનીમાં ગૂજરાત વિદ્યાપીઠના સેવકો અને વિદ્યાર્થીઓ સહીત ૧૭૦ વ્યક્તિઓ શ્રમદાન કર્યું હતું જેની જાણ તથા નોંધ લેવા અંગે.

**ઠરાવ ૫૯** અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન દ્વારા સાબરમતી નદીના પટને સાફ કરવાની કામગીરીમાં તા. 24-05-2025ના રોજ આદરણીય કુલાધિપતિશ્રી આચાર્ય દેવવ્રતજીની આગેવાનીમાં ગૂજરાત વિદ્યાપીઠના સેવકો અને વિદ્યાર્થીઓ સહીત ૧૭૦ વ્યક્તિઓ શ્રમદાન કર્યું હતું તથા નોંધ લેવામાં આવી.

**કાર્ય ૬૦** રાષ્ટ્રીય સેવા યોજના, ક્ષેત્રીય કાર્યાલય, અમદાવાદ, ઉચ્ચશિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર તથા ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે તા. 06-06-2025થી તા. 12-06-2025 દરમ્યાન રાષ્ટ્રીય એકતા શિબિર (National Integration Camp)નું આયોજન કરવામાં આવ્યું જેમાં ૧૧ રાજ્યો અને ૧ કેન્દ્રશાસિત-પ્રદેશના ૨૧૦ સ્વયંસેવકો અને પ્રોગ્રામ ઓફિસરોએ ભાગ લીધો જેનું ઉદ્ઘાટન રાજ્યપાલશ્રીના હસ્તે કરવામાં આવ્યું હતું.

**ઠરાવ ૬૦** રાષ્ટ્રીય સેવા યોજના, ક્ષેત્રીય કાર્યાલય, અમદાવાદ, ઉચ્ચશિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર તથા ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે તા. 06-06-2025થી તા. 12-06-2025 દરમ્યાન રાષ્ટ્રીય એકતા શિબિર (National Integration Camp)નું આયોજન કરવામાં આવ્યું જેમાં ૧૧ રાજ્યો અને ૧ કેન્દ્રશાસિત-પ્રદેશના ૨૧૦ સ્વયંસેવકો અને પ્રોગ્રામ ઓફિસરોએ ભાગ લીધો જેનું ઉદ્ઘાટન રાજ્યપાલશ્રીના હસ્તે કરવામાં આવ્યું હતું જેની નોંધ લેવામાં આવી.

**માહિતી પ્રૌદ્યોગીકી શાખા (IT Branch)**

**કાર્ય ૬૧** ગૂજરાત વિદ્યાપીઠમાં ભારત સરકારના સમર્થ પોર્ટલના વિવિધ મોડ્યુલ પૈકી (1) ગવર્નન્સ મોડ્યુલમાથી ઈ-ફાઇલ મેનેજમેન્ટ સિસ્ટમની તા. 21-05-2025થી (2) ફાયનાન્સ મોડ્યુલમાથી પગાર મંજૂર કરવાની કામગીરી તા. 01-03-2025થી (3) એમ્પલોઇ સર્વિસીસના મોડ્યુલમાથી રજા મંજૂરીની પ્રક્રિયા તા. 01-08-2024થી અમલવારી કરી તેની જાણકારી અંગે.

**ઠરાવ ૬૧** ગૂજરાત વિદ્યાપીઠમાં ભારત સરકારના સમર્થ પોર્ટલના વિવિધ મોડ્યુલ પૈકી (1) ગવર્નન્સ મોડ્યુલમાથી ઈ-ફાઇલ મેનેજમેન્ટ સિસ્ટમની તા. 21-05-2025થી (2) ફાયનાન્સ મોડ્યુલમાથી પગાર મંજૂર કરવાની કામગીરી તા. 01-03-2025થી (3) એમ્પલોઇ સર્વિસીસના મોડ્યુલમાથી રજા મંજૂરીની પ્રક્રિયા તા. 01-08-2024થી અમલવારી કરી તેની નોંધ લેવામાં આવી.

**ગ્રંથાલય સુવિધા**

**કાર્ય ૬૨** ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય અને નિયામકશ્રી, ગ્રંથાલયની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે તા. 10-05-2025ના રોજ યોજાયેલ 'વિકસિત ભારત@2047 સંસ્કૃતિ સંરક્ષણ અને સમાજ વિકાસમાં ગ્રંથાલયોની ભૂમિકા' અંગેના પરિસંવાદમાં 250 જેટલા સહભાગી થયા તથા કુલ ખર્ચ રૂ.2,61,775/- થયેલ છે, જેમાં નિયામકશ્રી, ગ્રંથાલયની કચેરી દ્વારા 50 ટકા રકમ અન્વયે રૂ.1,50,000/-નું અનુદાન મળેલ છે, જેની નોંધ લેવા તથા બહાલી આપવા અંગે.

**ઠરાવ ૬૨** ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય અને નિયામકશ્રી, ગ્રંથાલયની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે તા. 10-05-2025ના રોજ યોજાયેલ 'વિકસિત ભારત@2047 સંસ્કૃતિ સંરક્ષણ અને સમાજ વિકાસમાં ગ્રંથાલયોની ભૂમિકા' અંગેના પરિસંવાદમાં 250 જેટલા સહભાગી થયા તથા

કુલ ખર્ચ રૂ.2,61,775/- થયેલ છે, જેમાં નિયામકશ્રી, ગ્રંથાલયની કચેરી દ્વારા 50 ટકા રકમ અન્વયે રૂ.1,50,000/-નું અનુદાન મળેલ છે જેની નોધ લેવામાં આવી અને બહાલી આપવામાં આવી.

**કાર્ય ૬૩** ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય વિભાગ દ્વારા નાગરિકો માટે "વાંચન-સુવિધા કેન્દ્ર" અને ઘરે બેઠા પુસ્તક આપ-લે માટેની વ્યવસ્થા શરુ કરવા અંગેની દરખાસ્તને બહાલી આપવા અંગે.

**ઠરાવ ૬૩** ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય વિભાગ દ્વારા નાગરિકો માટે "વાંચન-સુવિધા કેન્દ્ર" અને ઘરે બેઠા પુસ્તક આપ-લે માટેની વ્યવસ્થા શરુ કરવા અંગેની બાબતને બહાલી આપવામાં આવી અને આનુષાંગીક ખર્ચની મંજુરી આપવામાં આવી.

**આરોગ્ય સુવિધા**

**કાર્ય ૬૪** ગૂજરાત વિદ્યાપીઠમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૫માં પ્રવેશ લેનાર વિવિધ અભ્યાસક્રમના અંદાજીત ૧૦૦૦ વિદ્યાર્થીઓની પ્રાથમિક આરોગ્ય ચકાસણી અને ઉપચાર માટે રૂ.4 લાખ જોગવાઈ કરવા બાબત.

**ઠરાવ ૬૪** ગૂજરાત વિદ્યાપીઠમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૫માં પ્રવેશ લેનાર વિવિધ અભ્યાસક્રમના અંદાજીત ૧૦૦૦ વિદ્યાર્થીઓની પ્રાથમિક આરોગ્ય ચકાસણી અને ઉપચાર માટે રૂ.4 લાખ જોગવાઈ કરવા ઠરાવવામાં આવ્યું. વધુમાં હોસ્ટેલ ખાતે અંદાજીત ૧૦૦૦ વિદ્યાર્થીઓના ભોજન સંદર્ભે ભોજન બનાવવા અને પીરસવા બાબતે તથા વાસણો,સામગ્રી અને સ્થળની સાફ-સફાઇ બાબતે વર્તમાન પત્ર અને N-Procure મારફતે ટેન્ડરથી યોગ્ય રેહતા જેનો ભાવ પ્રતિ વિદ્યાર્થી પ્રતિ દિન રૂ.૧૭.૫૩/- આવેલ જેને ચર્ચા વિચારણાના અંતે બહાલી આપવામાં આવી.

**કાર્ય ૬૫** મોરારજી દેસાઈ આરોગ્ય ધામ,અમદાવાદ ખાતે કુદરતી ઉપચાર (નેચરોપેથી) કેન્દ્રમાં ડે-કેર સુવિધા શરુ કરવા આનુસંગિક ખર્ચની મંજૂરી આપવા બાબત.

**ઠરાવ ૬૫** મોરારજી દેસાઈ આરોગ્ય ધામ,અમદાવાદ ખાતે કુદરતી ઉપચાર (નેચરોપેથી) કેન્દ્રમાં ડે-કેર સુવિધા શરુ કરવા આનુસંગિક ખર્ચ રૂ ૫,૦૦,૦૦૦ (પાંચ લાખ)ની મંજૂરી આપવામાં આવી.

**કાર્ય ૬૬** MCA સત્ર-4 ના શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માં વસંતપંચમી સત્રમાં SWAYAM પોર્ટલ ઉપર MOOC કોર્ષમાં નોંધાયેલા ૩૯ વિદ્યાર્થીઓએ પરીક્ષા પાસ કરેલ છે તે પૈકી ૧૦ વિદ્યાર્થીઓના એસાઈમેન્ટના ગુણ ૭૫% કરતા ઓછા છે તો તેમને કોન્ડોન(છૂટછાટ) આપી પાસ જાહેર કરવા નિર્ણય લેવા અંગે.

**ઠરાવ ૬૬** MCA સત્ર-4 ના શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માં વસંતપંચમી સત્રમાં SWAYAM પોર્ટલ ઉપર MOOC કોર્ષમાં નોંધાયેલા ૩૯ વિદ્યાર્થીઓએ પરીક્ષા પાસ કરેલ છે તે પૈકી ૧૦ વિદ્યાર્થીઓના એસાઈમેન્ટના ગુણ ૭૫% કરતા ઓછા છે. સદર બાબતે માહિતી, પ્રત્યાયન અને પ્રૌદ્યોગિકી વિદ્યાશાખાના વડાશ્રી ધ્વારા માહિતી આપવામાં આવી કે આ પ્રકારેના પ્રશ્નો બીજી ઘણી યુનિવર્સીટીઓમાં ઉપસ્થિત થયા છે. અત્રે વિદ્યાર્થીઓને જ્યારે છેલ્લા બે એસાઈમેન્ટ આપવામાં આવ્યા ત્યારે અત્રેની યુનિવર્સીટીની પરીક્ષા ચાલુ થઇ ગયેલ હોઈ આ વિદ્યાર્થીઓના ધ્યાન બહાર રહી ગયેલ અને તેથી આ ક્ષતિ ઉપસ્થિત થવા પામી છે. સભાએ સદર ૧૦ વિદ્યાર્થીઓના પરિણામને કોન્ડોન(છૂટછાટ) આપી પાસ જાહેર કરવાનું ઠરાવ્યું.

**વિદ્યા શાખા**

**કાર્ય ૬૭** ગૂજરાત વિદ્યાપીઠ MOOC માર્ગદર્શિકા -૨૦૨૫ ધ્યાને લેવા બાબત.

**ઠરાવ ૬૭** ગૂજરાત વિદ્યાપીઠ MOOC માર્ગદર્શિકા - ૨૦૨૫ ધ્યાને લેવામાં આવી અને ગૂજરાત વિદ્યાપીઠના નિયમમાં જરૂરી સુધારા વધારા સાથે સમાવવા બાબતે ઠરાવ થયો.

(ડૉ. હિમાંશુ પટેલ)
કુલસચિવ